જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૧/૨૦૨૩ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૪૩/૨૦૨૩

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૫૦ | ૦ | ૧૫૦ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૩ | ૦ | ૧૦૦૭૦૩ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩ | ૫૬,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**મેઘાણીનગર પોલીસ સ્ટેશનઃ**

## દેશી બનાવટના તમંચા (કટ્ટા) સાથે  ઇસમને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર નાઓએ આગામી ૨૬ મી જાન્યુઆરી (પ્રજાસત્તાક દિન) નિમીત્તે અમદાવાદ શહેરમા કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ અમદાવાદ શહેરના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમા સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોય જે સુચના અનુસંધાને અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડિવીઝન સાહેબ નાઓની સુચના અનુસંધાને સિનીયર પોલીસ ઇન્સ્પેક્ટર વાય.જે.રાઠોડ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ ઇન્સ. એમ.જી.લીંબોલા તથા સર્વેલન્સ સ્કોડના માણસો સાથે મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન અનાર્મ પો.કોન્સ. ભદ્રેશસિહ બાબુભાઇ બ.નં.૩૧૬૦ તથા અનાર્મ પો.કોન્સ. સુરપાલસિહ અમરસિહ બ.નં.-૮૭૨૩ નાઓની સંયુક્ત બાતમી આધારે તા.૨૨/૦૧/૨૦૨૩ ના કલાક ૧૭/૦૦ વાગે મેઘાણીનગર ભાર્ગવ રોડ બી.જે.રો-હાઉસ ના નાકા પાસે જાહેરમાથી દેશી બનાવટના તમંચા(કટ્ટા) સાથે ઇસમને પકડી પાડી સારી તેમજ પ્રશંસનિય કામગીરી કરેલ છે.

### આરોપીનું નામ સરનામુ

(૧) શીવનરેશ ઉર્ફે નેત્રપાલસિંગ સ/ઓ જયવીરસિગ જાતે ગુરજર ઉ.વ.૨૫ ધંધો – નોકરી રહે વિરેન શેઠ ની ચાલી ( રામુભાઇ ના ભાડાના મકાનમા) વિધ્યાનગર ભાર્ગવ હોસ્પિટલની સામે ભાર્ગવ રોડ મેઘાણીનગર અમદાવાદ શહેર  મુળ સરનામુ – ગામ- ફ્તરપુરગુજ્જર તા- થાના – ફતીયાબાદ જીલ્લો - આગ્રા રાજ્ય –ઉત્તરપ્રદેશ

### મુદ્દામાલ

(૧) એક દેશી બનાવટનો દેશી તમંચો (કટ્ટ) કી.રૂ.૩૫૦૦/- તથા (૨) બે જીવતા કારતુસો કી.રૂ.૧૦૦૦/-તથા (૩) ત્રણ ફુટેલા ખાલી કારતુસો કી.રૂ.૦૦/૦૦/- મળી કુલ્લે કી.રૂ.૪૫૦૦/- ની મત્તાનો મુદ્દામાલ

### કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી

(૧) પો.સબ ઇન્સ. એમ.જી.લીંબોલા (૨) એ.એસ.આઇ. દિનેશકુમાર મીઠાલાલ બ.નં.-૭૬૧૧ (૩) અનાર્મ હે.કોન્સ. મહેન્દ્રસિહ બળવંતસિહ બ.નં.-૩૮૬૭ (૪) અનાર્મ હે.કોન્સ. અશ્વીનભાઇ મણીલાલ બ.નં-૮૭૨૦ (૫) અનાર્મ પો.કોન્સ. સુરપાલસિહ અમરસિહ બ.નં.-૮૭૨૩ (૬) અનાર્મ પો.કોન્સ. ભદ્રેશસિહ બાબુભાઇ બ.નં.-૩૧૬૦ (૭) અનાર્મ પો.કોન્સ. યુવરાજસિહ ભરતસિહ બ.નં.-૧૩૧૬ (૮) અનાર્મ પો.કોન્સ. નીરજસિહ ચંદ્રમાસિહ બ.નં.-૫૦૬૩ (૯) અનાર્મ પો.કોન્સ. રીતેશ નંદલાલ બ.નં.-૧૧૬૫ (૧૦) અનાર્મ પો.કોન્સ. ભરતસિહ ભુપતસિહ બં.નં.-૮૫૨૮ (૧૧) અનાર્મ પો.કોન્સ. ચેતનકુમાર નરવતસિહ બ.નં.૬૯૯૪



## <u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૪/૨૦૨૩</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૪૭ લીટર દેશી દારૂ, ૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૬૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## <u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૫/૨૦૨૩</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## <u>છેતરપીંડીની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૬/૨૦૨૩</u>

**સેટેલાઈટઃ** નમ્રિતા વા/ઓ મુકેશ છાજેડ (ઉ.વ.૩૯) (રહે. રુદ્ર રેસિડેન્સી નિલકંઠનગર કાંકરીયા મણિનગર) એ તા.૨૨/૦૧/૨૦૨૩ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી કર્મા રિસોર્ટ એન્ડ હોસ્પિટાલીટી (હાલ જેનુ નામ વેલોરા રિસોર્ટ એન્ડ હોસ્પિટાલીટી એલ.એલ.પી) ના માલીક (૧) હ્રદય સોલંકી (૨) અલ્પેશ મુકેશભાઇ રાવલ અને (૩) અનિરૂધ્ધસિંહ એ ભેગા મળી સેટેલાઈટ રામદેવનગર ખાતે આવેલ હોટલ કોટીયાર્ડ મેરીયોટ તથા ઇસ્કોન એમ્પોરીયમ બિલ્ડીંગ સ્ટાર બજાર ખાતે ઈવેન્ટ યોજી ઈવેન્ટમાં નમ્રિતા છાજેડ તેમજ અન્ય વ્યક્તિઓને આમંત્રણ આપી ભારતના અલગ-અલગ શહેરમાં ફાઈવ સ્ટાર હોટલમાં તથા રિસોર્ટ સાથે ટાઈ-અપ થયેલ હોવાનુ જણાવી અલગ-અલગ સ્કીમ બતાવી મેમ્બરશીપ લેવા માટે લલચાવી મેમ્બરશીપ સારૂ તા.૧૦/૦૨/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નમ્રિતા છાજેડ પાસેથી રૂપિયા ૧,૨૩,૦૦૦/- મેળવી લઈ મેમ્બરશીપ નહી આપી તેમજ અન્ય વ્યક્તિઓ પાસેથી પણ મેમ્બરશીપ પેટે નાણા મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.ખરાડી ચલાવે છે.

## <u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૭/૨૦૨૩</u>

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** રાહુલ કિશોરભાઇ સોલંકી (ઉ.વ.૧૮)(રહે.હરીવીલા સોસાયટી, સારથી ડુપ્લેક્ષની બાજુમાં, આઝાદનગર ફતેવાડી, સરખેજ) તા.૨૨/૦૧/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા સરખેજ થી બાકરોલ સર્કલ તરફ જૈન દેરાસર સામે એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એસ.ટી.બસ નંબર જીજે ૧૮ વાય ૯૦૯૫ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા રાહુલને ગંભીર ઇજાઓ થતા તેમનુ સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર રાહુલના પિતા કિશોરભાઇ સોલંકી એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૮/૨૦૨૩**

**વટવાઃ** દિવ્યાની ડો/ઓ રાજુભાઇ સરગડા (ઉ.વ.૧૪) (રહે. બ્લોક.નં.૧૧/૩૨૧ સદભાવનાનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૧/૨૦૨૩ સવારના ૧૦/૩૦ થી બપોરના ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આઇ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી